# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૪/ક્વા-03/૨૦૨૦-૨૧/૬૧ તા.૧૦.૦૨.૨૦૨૧

૨૦૦3ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૭૪/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી રામેશ્વરપુરીજી મહારાજ એજયુ.ટ્રસ્ટ C/O. ભરાડ વિદ્યા મંદિર
ગામ – જુનાગઢ
સબડીવીઝન: સેટેલાઈટ-જુનાગઢ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ શહેર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: શુક્રવાર (૨૯.૦૧.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૯.૦૧.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે લેબોરેટરીની સંયુક્ત ચકાસણી અહેવાલ મિટરની આંતરિક સર્કિટ બળેલ છે. મિટરના સીલ વગેરે ઓકે છે આંતરિક સર્કિટ બળી જવા બાબતે ગ્રાહકનો કોઈ મલીન ઇરાદો સાબિત થતો ના હોય એડજેસ્ટમેંટ બિલ માફ કરવા વિનંતી છે.ઑક્ટો-૨૦૧૮ માં ૪૬૯૦ યુનિટનું સરેરાશ વિજબિલ રૂ. ૨૯૭૦૦ ભરી આપેલ છે તે પરત સરભર કરવા વિનંતી છે.

સેટેલાઈટ પેટા વિભાગીય કચેરી જુનાગઢના  તા. ૧૧.૦૯.૨૦૧૯ ના પત્રમાં રૂ. ૨૨૭૫/- ભરવા જણાવેલ છે જ્યારે તા. ૨૯-૦૯-૨૦ ના પત્રમાં ૨૨૧૬૩.૫૫ ભરવા જણાવેલ છે આમ એક જ કચેરીનો જવાબ વિસંગતતા ભર્યો છે. જ્યારે જુનાગઢ શહેર વિભાગીય કચેરીના તા. ૧૯.૦૯.૨૦૧૯ ના પત્રમાં ગ્રાહકને એડજેસ્ટમેંટ આપવા પાત્ર હોય તો કંપનીના નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવા જણાવેલ છે. આમ દરેક પત્રમાં વિસંગતતા જોવા મળેલ છે જેથી ગ્રાહકના હિતમાં બે વર્ષ પછી આ ઓડિટ રિકવરી રદ કરવા આ અરજી દ્વારા વિનંતી કરવામાં આવે છે ( સાધનિક આધારો પારા નં. 3 માં સામેલ છે.)

આમ વિજ અધિનિયમ ૨૦03 હેઠળ ગ્રાહકને મળવાપાત્ર ન્યાય માટે આપ સાહેબ સમક્ષ વર્ષ ૨૦૧૮ નું એડજેસ્ટમેંટ બિલ યોગ્ય નથી તેમજ ગ્રાહકના હિતમાં મિટરના તમામ સીલ ઓ.કે. હોય યાંત્રિક કારણોસર મીટરની આંતરિક સર્કિટ બળી જવામાં ગ્રાહકનો કોઈ કસુર નથી તેવી અમારી રજુઆત ગ્રાહ્ય રાખી એડજેસ્ટમેંટ બિલ રદ કરવા વિનંતી છે.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહક નામ : શ્રી રામેશ્વરપુરીજી મહારાજ એજ્યુ. ટ્રસ્ટ
ગ્રાહક નં : 85027/09336/5 GLP 10KW
કને. તારીખ 25.08.2011 CY-5 (બિલિંગ મંથલી).

3.૧ ગ્રાહક બિલિંગ માહે ઑક્ટો -18 નું તા. 13.10.2018 ના મીટર રીડિંગ કરતાં મીટર ફોલ્ટી (ડિસ્પ્લે બંધ) હોવાથી ગ્રાહકની સરેરાશ એવરેજ યુનિટ 4690 રૂ 30029.385 બિલ આપવામાં આવેલ.

3.૨ નવે-18 નું તા. 16.11.2018 ના મીટર રીડિંગ લેતા સદર મીટર માં 5748 યુનિટ નો વપરાશ નોંધાયેલ છે જે મુજબ ગ્રાહકને રૂ 37163.72 નું બિલ આપવામાં આવેલ.ગ્રાહકની અરજી ઉપર થી તા. 12.12.2018 ના રોજ 15 નં પ્રફોર્મા નં 023425 થી ગ્રાહકનું મીટર બદલવામાં આવેલ જે મીટરનું તા. 19.12.2018 ના રોજ લેબ પરીક્ષણ થયેલ જે મુજબ ગ્રાહકના જૂના બદલાવેલ મીટર માં છેલ્લા રીડિંગ અવાચ્ય તથા મીટર ની આંતરિક સર્કિટ બળેલ હોય કોઈપણ પ્રકારનું રીડિંગ પેરામીટર મળેલ નથી

3.3 ડિસે -18 નું તા. 14.12.2018 ના રોજ મીટર રીડિંગ લેતા તા. 12.12.2018 ના રોજ બદલાયેલ નવા મીટરના 223 યુનિટ લઈ મીટર રીડર દ્વારા રૂ. 1525.87 નું ગ્રાહકને બિલ આપવામાં આવેલ. ઓડિટ ટિમ દ્વારા માહે એપ્રિલ-18 થી માર્ચ -19 નું પેટા વિભાગીય કચેરીનું ઓડિટ કરતાં સદર ગ્રાહકો લેબ રિપોર્ટ અને લેજર શીટ મુજબ ડિસે-18 ના બિલિંગ પિરિયડ માં અગાઉ ના નવે-18 ના બિલિંગ તા. 16.11.2018 થી મીટર બદલાવ્યા તા. 12.12.2018 સુધીના કુલ 29 દિવસો માટે તા. 12.12.2018 થી તે માસ માં મીટર રીડિંગ લીધા તા. 14.12.2018 સુધીમાં નવા મીટરના આવેલ રીડિંગ 223 યુનિટ (નવા મીટરની બે દિવસની એવરેજ 223/2= 111.5 યુનિટ) મુજબ 111.5*29 દિવસ=3234 યુનિટ એવરેજ યુનિટ ની રિકવરી રૂ 22163.55 સજેશન કરેલ.

3.૪ ઉપરોક્ત ઓડિટ રિકવરી રૂ 22163.55 યુનિટ 3234 ગ્રાહક ખાતે 31.08.2020 ના રોજ ગ્રાકને લેખિતમાં જાણ કરીને ડેબિટ કરવામાં આવેલ જે બાબતે ગ્રાહક દ્વારા 17.09.2020 ના લેખિત માં રજૂઆત મળતા સેટેલાઇટ પેટા વિભાગીય કચેરી ના પત્ર નં 6243/29.09.2020 તથા પત્ર નં 7372/08.12.2020 ના પત્ર લખી ગ્રાહકને પ્રત્યુતર સાથે રિકવરી બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે આ ઉપરાંત પેટા વિભાગીય કચેરી ખાતે નાયબ ઇજનેર દ્વારા ગ્રાહકના ફોલ્ટી મીટર અને ઓડિટ દ્વારા એવરેજ ગણતરીની વિસ્તૃત ચર્ચા અને સમજ આપેલ છે.ગ્રાહક નું ફોલ્ટી મીટર બદલ્યા તારીખ ના અગાઉ ના બીલીગ અને મીટર બદલ્યા બાદ ના બીલીગ નો વીજ વપરાસ જોતાં ઓડિટ દ્વારા સજેશન કરવામાં આવેલ 3234 એવરેજ યુનિટ ડિસ-18 બીલીગ માં વસૂલવા પાત્ર થાય છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદારશ્રી ની રજૂઆત તેમજ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ ઓડિટ રિકવરી નું સરેરાશ બિલ જે કંપની ના નિયમોનુસાર હોય તો અરજદારશ્રી ને ભરવા પાત્ર થાય છે. તો અરજદાર શ્રી ને તાકીદ કરવામાં આવે છે કે, ઓડિટ રિકવરી નું સરેરાશ બિલ વહેલી તકે ભરપાઈ કરી આપવા જણાવવા માં આવે છે.

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯